ધર્મ અમારો એકમાત્ર એ, સર્વ ધર્મ સેવા કરવી,
ધ્યેય અમારું છે વત્સલતા, વિશ્વમહીં એને ભરવી.
સકળ જગતની બની જનેતા, વત્સલતા સહુમાં રેડું,
એ જ ભાવનાના અનુયાયી, બનવાનું સહુને તેડું.
નાત જાતના ભેદ અમોને, લેશ નથી કંઈ આભડતા,
દેશવેશના શિષ્ટાચારો, વિકાસ માટે નહીં નડતા.
નિર્ભય બનીને જાનમાલની પરવા કદીયે નવ કરીએ,
અમ માલિકીની વસ્તુનો, મૂઢ સ્વાર્થ પણ પરહરીએ.
બ્રહ્મચર્યની જ્યોત જગાવી, સત્યપ્રભુને મંદિરિયે,
જનસેવાને આંચ ન આવે, એ વ્યવસાયો આચરીયે.
સદગુણ સ્તુતિ કરીએ સૌની, નિંદાથી ન્યારા રહીએ.
વ્યસનો ત્યજીએ, સદગુણ સજીએ, ટાપટીપ ખોટી ત્યજીએ.
ખાવું પીવું ફરવું ફરવું સૂવું  જાગવું ને વદવું.
સર્વ ક્રિયાઓ કરતાં પહેલાં પાપ વિકારોથી ડરવું,
છતાં થાય ગફલત જો કંઇએ ક્ષમા માગી હળવા થઈએ.
સર્વ ક્ષેત્રમાં રહીએ તો પણ આત્મભાન નવ વિસરીએ.
-સંતબાલજી

Our only religion is to serve all religions,
Our goal is love and to fill it globally.
Like the mother of the whole world,I spread love all over the world.
I encourage everyone to be a follower of the same spirit.
The differences between the races and the castes do not bother us.
Etiquette of a country does not prevent development.
Let us be fearless and never care for personal safety,
Let us guard against selfishness and selfishness.
Rekindle the flame of celibacy, in the temple of truth god,
Let us do those occupations which do not affect public service.
Let us all praise the virtues, let us be free from blasphemy.
Abandon addictions, cultivate virtues, abandon bad habits.
When eat, drink, move around, sleep, wake up and speak,
Fearing sinful disorders before all actions,
However, if a mistake happens, we should apologize and relax.
Even if we live in all realms, we should forget self-consciousness.
-santbalji